ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
યુવક કલ્યાણ વિભાગ
DEPARTMENT OF YOUTH WELFARE

યુ.ક નં./ ૨૬ /૨૦૨૫ તા: ૦૨-૦૭-૨૦૨૫

પ્રતિ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી વિદ્યા ભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

**વિષયઃ આંતરરાષ્ટ્રીય સહકારી સહકાર વર્ષઃ ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત વ્યાખ્યાન તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભઃ** (૧) Directorate of Technical Education તરફથી આવેલ ઈ-મેઈલ
(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્રાંક નં. પીએસ/૨૮૫/૨૦૨૫ તા. ૨૫/૦૬/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે આ સાથે સામેલ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્રાંક નં. પીએસ/૨૮૫/૨૦૨૫ તા. ૨૫/૦૬/૨૦૨૫ ને ધ્યાનમાં લઈને આંતરરાષ્ટ્રીય સહકારી સહકાર વર્ષઃ ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત સામેલ પત્રમાં દર્શાવ્યા મુજબ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરીને આપના દ્વારા કરવામાં આવતી કામગીરી અંગેનો રીપોર્ટ અંગ્રેજીમાં પત્રમાં દર્શાવેલ ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી આપવો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

બિડાણ – ઉપર મુજબ

નં. પીએસ/૨૯૫/૨૦૨૫

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**
**(સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગ)**
**ગુજરાત સરકાર**
બ્લોક નં. ૫, બીજો માળ, સરદાર ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખ: ૨૫/૦૬/૨૦૨૫

सत्यमेव जयते

2025 International Year of Cooperatives
Cooperatives Build a Better World

**સંદીપ કુમાર,** આઈ.એ.એસ.
**સચિવ**

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫,
સચિવાલય, ગાંધીનગર.

વિષય: આંતરરાષ્ટ્રીય સહકારી સહકાર વર્ષ:2025ની ઉજવણી અંતર્ગત શાળાઓમાં વ્યાખ્યાન તથા નિબંધ સ્પર્ધા નું આયોજન કરવા બાબત.

સંદર્ભ: ભારત સરકારશ્રીના તા:૦૭/૦૬/૨૦૨૫ના અર્ધ સરકારી પત્ર ક્રમાંક:S-14/8/2025-MOC-PART(1)

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૫ ને "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫" તરીકે જાહેર કરેલ છે. જે અન્વયે ૨૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ, માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫" ની સત્તાવાર રીતે જાહેરાત કરેલ છે. જે અન્વયે "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫" ની ઉજવણી અંતર્ગત ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા કરોડો સભાસદો ઉપરાંત યુવા વર્ગ તથા મહિલાઓને જાગૃત કરીને સહકારી ક્ષેત્ર મારફત દેશના વિકાસમાં જોડાય તેવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહેલ છે. આમ, સહકાર ક્ષેત્રના પ્રચાર-પ્રસાર તથા વિકાસથી સમગ્ર રાષ્ટ્રના સામાજિક- આર્થિક વિકાસમાં સહકાર ક્ષેત્ર મહત્વનો ભાગ ભજવી રહેલ છે.

ઉક્ત વિવિધ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકારશ્રીના સંદર્ભદર્શિત અર્ધ સરકારી પત્રની વિગતે, જુલાઈ માસના પ્રથમ અઠવાડિયામાં (તા. ૧ જુલાઇ ૨૦૨૫ થી ૬ જુલાઇ, ૨૦૨૫) વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા અંગે જણાવેલ છે તથા સૂચિત કાર્યક્રમો પણ મોકલી આપેલ છે. જે અન્વયે તા. ૪ જુલાઇ, ૨૦૨૫ ના રોજ રાજ્યની તમામ સરકારી કોલેજોમાં સહકાર ક્ષેત્ર ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવા જણાવેલ હોઇ, તમામ સરકારી કોલોજોમાં વ્યાખ્યાનનું આયોજન

થાય તે માટે સબંધિતોને સૂચના આપવા વિનંતી છે. વધુમાં,સરકારી કોલેજોમાં સમયાંતરે સહકાર ક્ષેત્ર ઉપર નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ક્વિઝ, ડિબેટ વગેરે જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે તો યુવાઓમાં પણ સહકારી ભાવનાનો વિકાસ થાય. જેથી આ મુજબની વિવિધ પ્રવૃતિઓનું પણ આયોજન કરવા જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

વધુમાં ઉક્ત કાર્યક્રમો અંગે અત્રેથી ભારત સરકારશ્રીને રિપોર્ટ કરવાનો હોઇ, સબંધિત કચેરીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે કાર્યક્રમના તરત જ બીજા દિવસે અત્રેના મેઇલ એડ્રેસ rcs@gujarat.gov.in અને rcsgujiyc2025@gmail.com પર સામેલ ફોર્મેટ મુજબ રિપોર્ટ અંગ્રેજીમાં મોકલી આપવા પણ સબંધિતોને સૂચના આપવા વિનંતી છે.

(સંદીપકુમાર)

બિડાણ: ઉપર મુજબ